ONLY FOR PRIVATE CIRCULATION, NOT FOR POSTING

સમસ્ત માલધારી સમાજના સર્વાંગી વિકાસનું ઉદ્‌ઘોષક...



www.vadwala.com

# માલધારી ટાઇમ્સ



લવાજમ વિનાનું

અનિયતકાલિન

સંપૂર્ણ ઓનલાઈન

સ્થાપના : અષાઢી બીજ-૨૦૧૧ કુલ પૃષ્ઠ : ૮ વર્ષ : ૧ સળંગ અંક નં.૧

**સ્થાપક / તંત્રી :**

**રત્નાકર નાંગર**

બોટાદ- ૯૯૨૪૭ ૧૨૮૨૧

**સહતંત્રી :**

**ડૉ.રણછોડ નાંગર**

સુરેન્દ્રનગર - ૯૪૨૭૦ ૬૭૪૦૧

**સંપાદક :**

**દેવાયત સાંબડ**

નડાળા - ૯૪૨૬૯ ૫૨૩૯૪

**માલિક-મુદ્રક-પ્રકાશક :**

પાંચાળ પ્રદેશ સાહિત્ય પ્રચારક સમિતિ
અને બંસી પ્રકાશન - બોટાદ વતી,
શ્રી રત્નાકર બીજલભાઈ નાંગર

**પ્રધાન કાર્યાલય :**

**રત્નાકર નાંગર (તંત્રીશ્રી)**

૨૬, અશોકવાટિકા, એમ.ડી.સ્કુલ સામે,
પાળિયાદ રોડ, પોસ્ટ બોક્ષ-૧૯
બોટાદ-૩૬૪૭૧૦., જિ.ભાવનગર.

**લીગલ એડ્‌વાઈઝર :**

**ડૉ.દેવશીભાઈ બી. દેસાઈ**

(L.L.B., B.R.S., M.R.S., Ph.D.)

(એડવોકેટ-ધારા શાસ્ત્રી)

**ડિસ્ટ્રીક્ટ ઓફિસ :**

સાકાર પ્લાઝા કોમ્પ્લેક્ષ, સિન્ડિકેટ બેંક પાસે,
જેલ ચોક, સુરેન્દ્રનગર,
મો.૯૪૨૬૩ ૬૨૪૯૪

E_mail : dbdesai2010@indiatimes.com

## તંત્રીની વાત...



જય માલધારી,

કોઈપણ સમાજના વિકાસ માટે સામાજિક મુખપત્રનો કોઈ વિકલ્પ નથી. સમાજને એક તાંતણે બાંધવા, સામાજિક ગતિશીલતા અને સુસંગત વિકાસમાં વૈચારિક જાગૃતિ માટે પ્રબળ માધ્યમ 'મીડિયા' છે. જ્ઞાન-માહિતીના આદાન - પ્રદાન અને ટેકનોલોજીના સમાજ વિકાસના સંદર્ભમાં ઊચિત સમન્વયથી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિના પગરણ મંડાતા હોય છે અને જે સમાજ શિક્ષણમાં આગળ છે તે સમાજનો સર્વાંગી વિકાસ થાય છે. આધુનિક સમયને અનુરૂપ શિક્ષણ અને મૂલ્યલક્ષી કેળવણીથી વિકાસમાં હરણફાળ આવે છે. આજે ગુજરાતના માલધારીઓ જેટ ગતિથી વિકસી રહ્યાં હોય તેવું લાગે છે.

'માલધારી ટાઈમ્સ' શરૂ કરવાના વિચારની નાની વાત કરવી પણ ગમશે. એક વખત વતનની વાટે ઘરમેળે ભેગા થયેલા ને કોઈ મહેમાન આવેલા ત્યારે મારા મોટાભાઈ એડ્‌વોકેટ ડૉ.દેવશીભાઈ એ વાતવાતમાં કહેલું કે તું આટલું બધું 'લખ લખ કરે છે' તો તારું પોતાનું એકાદ સામયિક શરૂ કરને ...! આ વિચારના ઝબકારે જ અમારા દ્વારા રાજ્યમાં સાવ નવતર અભિગમથી 'બાળ સમાચાર' (The Children Times) શરૂ કરવામાં આવ્યું. બાળ સાહિત્ય- બાળ શિક્ષણને કેળવણી જગતમાં 'બાળ સમાચાર' ને મળેલ ભવ્યાતિભવ્ય આવકાર અને સફળતાએ અમારો ઉત્સાહ વધાર્યો અને થયું કે નાત ગંગા માટે હજુ કંઈક કરીએ.

જે સમાજમાં આપણો જન્મ થયો છે તે માલધારી સમાજ અને વહાલી વિહોતર નાત માટે કલમ-કોલમથી પાછલા એક દશકાથી મારી રીતે મથું છું. મારા કાર્યમાં આપણાં સમાજના વિવિધ સામયિકો તરફથી મને ખુબ સારું પ્રોત્સાહન અને પીઠબળ મળતું રહ્યું છે. મારા સમાજમાં મારી મરજીનું મુખપત્ર હોય તેવું સતત ઘુમરાયા કરતું હતું. શિક્ષણ સાથે સાથે મારા રસના બે ક્ષેત્રો સતત વિકાસ પામતા રહ્યા છે. એક બાળ સાહિત્ય અને બીજું સામાજિક પત્રકારત્વ (સોશિયલ જર્નાલિઝમ). મારી એક આંખમાં બાળ સાહિત્ય રમતું હોયછે ને બીજી આંખમાં સોશિયલ જર્નાલિઝમ ભમતું હોય છે. રસ - રુચિના પ્રથમ ક્ષેત્ર માટે મનગમતું

(અનુસંધાન પેઈઝ નં.૨ ઉપર)

ALL SUBJECT TO BOTAD JURISDICTION

## 'માલધારી ટાઈમ્સ' વિશે આટલું જરૂર વાંચો

- ★ 'માલધારી ટાઈમ્સ' નું કોઈ જ લવાજમ નથી. તે વાસ્તવિક ખર્ચની મર્યાદામાં જાહેરાત, આખા અંકની સ્પોન્સરશીપ તથા ક્યારેક તંત્રી મંડળના સ્વખર્ચથી ચાલતું રહેશે.
- ★ 'માલધારી ટાઈમ્સ' માટે પોસ્ટનો ઉપયોગ કરવામાં આવતો નથી, વળી તે અનિયતકાલિન સ્વરૂપનું મુખપત્ર છે. રકમની સગવડ - જોગવાઈ મુજબ સમયાંતરે પ્રકાશન કરી સમાજના જાહેર પ્રસંગો - સમારંભો માં રૂબરૂ વિતરણ કરવામાં આવશે.
- ★ 'માલધારી ટાઈમ્સ' એ રબારી કે ભરવાડ એવા ચોક્કસ વર્ગ સમુહને બદલે સમસ્ત માલધારી સમાજના સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલું છે.
- ★ 'માલધારી ટાઈમ્સ' સમસ્ત માલધારી સમાજની વૈચારિક અને શૈક્ષણિક સમાચાર પત્રિકા છે. તેથી અંગત રાગ - દ્વેષ વાળા કે વિવાદાસ્પદ મુદ્દાઓને સ્થાન આપવામાં આવશે નહી.
- ★ 'માલધારી ટાઈમ્સ' માટે છુટક દાન ડોનેશન કે કોઈ ફંડ - ફાળો ઉઘરાવવામાં આવતો નથી, પરંતુ ખર્ચ જેટલી - ઔચિત્ય ભંગ ન થાય તેવી મર્યાદિત જાહેરાત તથા આખા અંકની સ્પોન્સરશીપ આવકાર્ય છે.
- ★ પરિવાર ખુશીના પ્રસંગો, શુભકાર્યો, કટુંબના વહાલસોયા બાળકોના જન્મદિને તથા નવા સાહસની શરૂઆતે અથવા શુભેચ્છક સ્વરૂપે આખા અંકને સ્પોન્સર કરી શકાશે. બે-ચાર મિત્રો સાથે મળીને પણ સ્પોન્સર બની શકશે.
- ★ 'માલધારી ટાઈમ્સ' ને કોઈપણ રાજકીય પક્ષની વિચારધારા સાથે તેને કશી નિસ્બત કે લેવા દેવા નથી. મુખપત્ર પાસે પોતાના સમાજના હિત, વિકાસ, ગૌરવ અને અસ્મિતાની આગવી વિચારધારા છે.
- ★ જાહેરાત કે સ્પોન્સરશીપ માત્ર 'માલધારી ટાઈમ્સ' માટે જ સ્વીકાર્ય બનશે. અમારા દ્વારા પ્રકાશિત થતા અન્ય સામયિક 'બાળ સમાચાર' The Children Times માટે કોઈપણ સ્વરૂપે એક પણ રૂપિયો સ્વીકાર્ય નથી. વાચકો માં કોઈ ગેરસમજ કે સમજની સેળભેળ ન થઈ જાય તે માટે આ સ્પષ્ટતા કાયમ યાદ રાખવી.
- ★ 'માલધારી ટાઈમ્સ' માં પ્રકાશિત થતા લખાણો માં તંત્રી મંડળ ના બધા સભ્યો સહમત હોય જ એમ જરૂરી ન માનવું.
- ★ આ મુખપત્રમાં સમાજના વિકાસ માટે ઉપયોગી તંદુરસ્ત લખાણો તથા આપના અમૂલ્ય સુચનો - પ્રતિભાવો - શુભેચ્છા સંદેશ સદાય આવકાર્ય છે.

## તંત્રીની વાત...

'બાળ સમાચાર' કર્યા પછી બીજા ક્ષેત્ર માટે સમાજગમતું 'માલધારી ટાઈમ્સ' શરૂ કર્યું છે. એમાં મારું સામાજિક ઉત્તરદાયિત્વ પણ સમાયેલું છે.

આપણાં સમાજમાં ઘણા સામયિકો ચાલે છે. ઘણા બંધ પણ થયા છે. રાજ્યમાં આપણાં સમાજની વસ્તી જોતાં મારી દૃષ્ટિએ ૨૬ જિલ્લાની સરેરાશે ઓછામાં ઓછા ૨૬ જેટલા નિયમિત ચાલે તેટલા સામયિકોની જરૂર છે. સમાજના પાંચાળ, ઝાલાવાડ અને ગોહિલવાડ પંથકમાં સારા સામાજિક મુખપત્રની ખોટ સતત ખૂંચતી હતી. આ ખોટને પુરવાનો પ્રયત્ન કર્યો છે. વિધિવત રીતે જર્નાલિઝમનો 'જ' પણ ભણ્યો ન હોવા છતાં આ ક્ષેત્રમાં બેહદ રુચિ રહી છે. આ રુચિના ઘડતર માટે શ્રી ગોવિંદભાઈ રબારી (ગોપાલ બંધુ - મહેસાણા), શ્રી વીરાભાઈ કોડિયાતર (રબારી મહિમા - પોરબંદર) શ્રી અમરતભાઈ રબારી (ગોપાલગાથા - જંત્રાલ), ભરવાડ કેસરી સ્વ.સુરાદાદા (ગોપાલ દર્શન - અમદાવાદ), ડૉ. રતનબેન રાતડિયા (ગોપાલ જ્યોત - અમદાવાદ) શ્રી બચુ ભગત (ગોપાલ સંદેશ - લીંબડી) અને શ્રી પ્રો.જીવણભાઈ ડાંગર (ભરવાડ મહિમા - ધ્રાંગધ્રા) ને તથા મારા લખાણોને પાછલા એક દશકાથી પસંદ કરી મારો વાંહો થાબડનાર વહાલી વિહોતરને આ તકે આદરપૂર્વક યાદ કરું છું.

મારા આ કાર્યમાં મારી સાથે રહેનાર મારા નાના ભાઈ ડૉ. રણછોડ નાંગર તથા મારા કોઈપણ શુભકાર્યમાં સદાય ખભે ખભો મેળવી હંમેશા સાથે રહેલા સવાયા ભાઈ જેવા દેવાયતભાઈ સાંબડ બંનેને સમાજ વિકાસના આ ભગીરથ કાર્યમાં પણ સહયોગી બન્યા તે બદલ સમસ્ત વિહોતર નાત વતી ધન્યવાદ આપું છું.

લવાજમ વિના સામયિકો શરૂ કરવાનો સિલસિલો 'બાળ સમાચાર' પછી પણ અમે જાળવી રાખ્યો છે. પરંતુ લવાજમ લઈને સમાજનું અખબાર નિયમિત ચલાવવું તે અતિ કપરું કાર્ય છે. આ કપરું કાર્ય જેઓ કરે છે તેઓ ખુબ ધન્યવાદને પાત્ર છે. અમારી અન્ય ઘણી પ્રવૃત્તિઓ હોવાથી અમે તે કરી શકવા હાલ સક્ષમ નથી. તેથી જ લવાજમ વિનાનું અને અનિયતકાલિન સ્વરૂપ રાખ્યું છે. સમાજના સમારંભોમાં ઘણીવાર સમાજના લોકો એક કાને ભાષણો સાંભળીને જાય ત્યારે બીજા કાને કાઢતા જાય છે. સાથે મમળાવે તેવું કંઈક લેખિત સ્વરૂપનું વૈચારિક ભાથું પણ સમાજજનો લેતા જાય તે માટેનો અમારો આ વિનમ્ર પ્રયાસ છે. છતાં મનને યોગ્ય નહિ લાગે ત્યારે ગમે તે ક્ષણે બંધ કરવાની સંપૂર્ણ તૈયારી સાથે આ પ્રથમ અંક અમારા માવતરના ચરણોમાં અર્પણ કરીએ છીએ.

સૌને જય ગોપાલ જય વડવાળા....
જય માલધારી.... જય વિહોતર....

**આપનો વિશ્વાસુ,**



## સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે શ્રી માલધારી યુવા મંડળ આયોજિત દ્વિતીય વિદ્યાર્થી સન્માન સમારોહ..!

સુરેન્દ્રનગર જિલ્લાના પવિત્ર યાત્રાધામ સાયલા (ભગતનું ગામ) ખાતે તાજેતરમાં શ્રી સાયલા તાલુકા માલધારી યુવા મંડળ દ્વારા તાલુકાના માલધારી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સુંદર દ્વિતીય સન્માન સમારોહ યોજાઈ ગયો. કુલ ૧૨૦ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય તથા આશીર્વચન માટે મહામંડલેશ્વર શ્રી કણીરામબાપુ (દુધરેજ) તથા મેઘમંડલેશ્વર શ્રી રામબાલકદાસબાપુ (દુધઈ) તથા શ્રી નારાયણદાસબાપુ (ગેડિયા) અને શ્રી મગ્નીરામબાપુ (મેસરિયા) પધારેલ. અતિથિ વિશેષ તરીકે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ગાંધીનગરના ચેરમેનશ્રી ડૉ. સંજયભાઈ દેસાઈ, વાઈસ ચેરમેનશ્રી દિનેશભાઈ ટોળિયા (રાજકોટ) તથા સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ (લીંબડી) પધારેલ. અન્ય અતિથિશ્રીઓમાં શ્રી લાખાભાઈ ભરવાડ (અમદાવાદ), શ્રી રામભાઈ ભરવાડ (મકરબા), શ્રી મોતીભાઈ હીરાભાઈ સાંબડ (ચોટીલા) તથા જિલ્લા દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી માલાભાઈ શામળાભાઈ નાંગર (થોરિયાળી) તથા શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસ (પ્રેમની પરબ) તથા ‘મારગ’ સંસ્થાના ચેરપર્સન શ્રીમતિ નીતાબેન માલધારી તથા શ્રી લાલજીભાઈ દેસાઈ વગેરેએ હાજરી આપેલ.

તેજસ્વી વિદ્યાર્થીઓને સુંદર ટ્રોફી, શિલ્ડ - સર્ટી તથા ઉપયોગી શૈક્ષણિક કીટ થી સન્માનિત કરાયા. બોર્ડની પરીક્ષામાં ૯૦% થી ઉપર લાવનાર બે વિદ્યાર્થીઓને સોનાના દાતાશ્રી ડૉ.સંજયભાઈ દેસાઈ, શ્રી નારાયણદાસબાપુ, શ્રી ગેલાભાઈ ધાંધળ, શ્રી ઈશ્વરભાઈ હણ અને શ્રી સગરામભાઈ ગોયલ દ્વારા સન્માનિત કરાયા. ભોજનદાતા તરીકેનો લ્હાવો શ્રી ગેલાભાઈ ધાંધળ, શ્રી દેવાભાઈ સાંબડ, શ્રી કરશનભાઈ સાંબડ, શ્રી પોલાભાઈ ખાંભલા તથા શ્રી પાંચાભાઈ લુણીએ લીધેલ.

રબારી-ભરવાડ-માલધારી સમાજના આ સંયુક્ત વિશિષ્ટ કાર્યક્રમનું સંચાલન એડવોકેટ ડૉ. દેવશીભાઈ બી-દેસાઈ (થોરિયાળી - સુરેન્દ્રનગર) એ કરેલ. ધોધમાર વરસાદ વચ્ચે પણ એકંદરે કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

## તેજસ્વી ભરવાડ વિદ્યાર્થી સમારોહ

સુરેન્દ્રનગર ‘જય ગોપાલ યુવા ગ્રુપ’ દ્વારા વર્ષ - ૨૦૧૧ માં ધોરણ ૧૦ થી ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે સારા માર્કસ મેળવી ઉતીર્ણ થનાર ગોપાલક સમાજના ૧૬૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનું શ્રી રંભાબેન ટાઉન હોલમાં સુરેન્દ્રનગર ખાતે સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં બે વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત થતા ગોલ્ડમેડલ એનાયત થયા હતા. આ પ્રસંગે સર્વેશ્રી ઘનશ્યામગિરીબાપુ, રામદાસબાપુ, નારાયમદાસબાપુ, બાબાભાઈ ભરવાડ, ડૉ.રતનબેન રાતડિયા, જગદીશભાઈ મીર, પ્રો. જીવણભાઈ ડાંગર, મફતભાઈ મારૂ, પ્રો. પ્રેમચંદભાઈ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવનાર રાજેશ સરૈયા અને વિજય જોગરાણાને એક એક તોલા સોનાનો ગોલ્ડ મેડલ આપી વિશેષ સન્માન કરાયું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા સર્વેશ્રી ગોપાલભાઈ હાડગડા ગોપાલભાઈ લામકા, રણછોડભાઈ બતાડા તથા જય ગોપાલ યુવા ગૃપના તમામ સદસ્યોએ તનતોડ મહેનત કરીને ખાસ જહેમત ઉઠાવી હતી.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ‘જય ગોપાલ યુવા ગૃપ’ સુરેન્દ્રનગર દ્વારા ઘણી અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ થાય છે. દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવે છે. અન્ય વિકસિત સમાજોને પણ જેની ગૌરવભેર નોંધ લેવાની ફરજ પડે તેવા આ સમારોહ થી માલધારી સમાજનું ગૌરવ વધારી વિદ્યાર્થીઓનો વાંહો થાબડતા ‘જય ગોપાલ યુવા ગૃપ’ ને ‘માલધારી ટાઈમ્સ’ તરફથી લાખ લાખ અભિનંદન....!

### : આ અંકના સ્પોન્સર :

**(૧) શ્રી બીજલભાઈ મેઘાભાઈ નાંગર**

મુ.થોરિયાળી, તા.સાયલા

(બે પુત્રો Ph.D. થવાના ખુશી પ્રસંગે)

**(૨) સાદુળભાઈ જહાભાઈ સાંબડ**

મુ.નડાળા, તા.સાયલા

(પૌત્ર ચિ.મિતના જન્મના ખુશી પ્રસંગે)

# સમસ્ત માલધારી સમાજ બોટાદ આયોજિત
# Dy.S.P.શ્રી કે.કે.દેસાઈનો નિવૃત્તિ સન્માન સમારોહ...!

બોટાદ વિભાગીય પોલીસ અધિક્ષક (Dy.S.P.) શ્રી કે.કે.દેસાઈ (કરમશીભાઈ દેસાઈ) તાજેતરમાં ગુજરાત પોલીસ વિભાગમાંથી વયનિવૃત્ત થતા બોટાદ સમસ્ત માલધારી સમાજ દ્વારા તેમના ભવ્ય સન્માન બહુમાન અંગેનો સમારોહ તાજેતરમાં બોટાદના ભગવાનપરા વિસ્તારમાં આવેલ રબારી સમાજવાડી - શ્રી રામદેવ પીર જગ્યા ખાતે યોજાઈ ગયો.



**શ્રી કે.કે. દેસાઈને મોમેન્ટો અર્પણ કરતા એડવોકેટશ્રી વાઘજીભાઈ ખાંભલિયા તથા શ્રી ભીમશીભાઈ ખાંભલિયા અને શ્રી ભોળાભાઈ ખાંભલિયા.**

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી કે.કે. દેસાઈએ આજથી ૩૨ વર્ષ અગાઉ પોલીસ વિભાગમાં પોતાની કેરિયર સીધી ભરતીથી P.S.I. તરીકે બોટાદથી જ શરૂ કરેલ. યોગાનુયોગ નિવૃત્તિ પણ બોટાદમાં જ થઈ. ડી.વાય.એસ.પી. તરીકે તેમણે અનેક પડકારરૂપ કામગીરીઓ કરીને ભારતના રાષ્ટ્રપતિ ના વરદ્‌હસ્તે બહાદુરી મેડલ મેળવી સમસ્ત મલાધારી સમાજનું ગૌરવ વધારેલ. બોટાદ પંથકમાં પણ આગવી ઢબની કામગીરીથી ઈત્તર તમામ સમાજમાં પણ જબરી લોકચાહના મેળવેલ.

બોટાદ સમસ્ત માલધારી સમાજ દ્વારા શ્રી કે.કે. દેસાઈ સાથે અમદાવાદ જિલ્લા ભાજપ માલધારી સેલ ના નવા વરાયેલ સહ કન્વીનર અને રાણપુર ના અગ્રણી શ્રી જીવાભાઈ માત્રાભાઈ કળોતરાનું તથા વિવિધ પ્રકારની સામાજિક - શૈક્ષણિક અને બાળ વિકાસ તથા કેળવણીની પ્રવૃત્તિઓ બદલ 'માલધારી ટાઈમ્સ' ના તંત્રીશ્રી રત્નાકર નાંગરનું પણ સન્માન કરવામાં આવેલ.

શ્રી કે.કે. દેસાઈનું ગઢડા મુકામે, ભાવનગર મુકામે તથા બોટાદના ઈત્તર સમાજો દ્વારા પણ માર્કેટિંગ યાર્ડમાં વિશાળ - ભવ્ય સમારોહ નું આયોજન કરી ગૌરવરૂપ સન્માન કરવામાં આવ્યું છે. સન્માન સમારોહના ખાસ અતિથિ એવા બોટાદના પી.આઈ.શ્રી ચુડાસમા સાહેબ દ્વારા શ્રી કે.કે.દેસાઈની બહાદુરી ભરી કામગીરીનો ઉપસ્થિત માલધારી સમાજ સમક્ષ વિસ્તૃત રીતે - વિદ્વતાપૂર્ણ શૈલીમાં અહેવાલ રજુ કરવામાં આવેલ.

સન્માનના પ્રતિભાવ સ્વરૂપે શ્રી કે.કે. દેસાઈએ બોટાદમાં માલધારી સમાજમાં શિક્ષણની અલ્પતા પ્રત્યે ધ્યાનદોરી સમાજને વધારેને વધારે શિક્ષણ મેળવવાની હાકલ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા એડવોકેટશ્રી વાઘજીભાઈ હરદાસભાઈ ખાંભલિયા, શ્રી ભીમશીભાઈ લખમણભાઈ ખાંભલિયા, કોર્પોરેટર શ્રી હકાભાઈ લાખાભાઈ ખાંભલિયા, કોર્પોરેટર શ્રી ધુડાભાઈ પોલાભાઈ મેર, પૂર્વ કોર્પોરેટર શ્રી છેલાભાઈ મેર, અગ્રણી શ્રી વલુભાઈ કુકાભાઈ બોળિયા, ગુજરાત ગૌચર બચાવ આંદોલન સમિતિના પ્રદેશ પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ મૌર્ય, શ્રી ભોળાભાઈ મેઘાભાઈ ખાંભલિયા, શ્રી લગધીરભાઈ સગરામભાઈ ખાંભલિયા, શ્રી ભોળાભાઈ હામાભાઈ ખાંભલિયા, શ્રી વેરશીભાઈ ભુરાભાઈ ખાંભલિયા, શ્રી માત્રાભાઈ સગરામભાઈ આલ, શ્રી હામાભાઈ ભુરાભાઈ ખાંભલિયા, શ્રી ધનજીભાઈ કરશનભાઈ સુવાણ, શ્રી વાલજીભાઈ કાળાભાઈ ખાંભલિયા, શ્રી ગોકુળભાઈ હામાભાઈ ખાંભલિયા શ્રી ગોકુળભાઈ ભુરાભાઈ ખાંભલિયા, તથા શ્રી રણછોડભાઈ દેવાભાઈ બોળિયા વગેરે એ ખાસ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સાહિત્યિક ભાષામાં સુંદર રીતે સંચાલન એડવોક્ટ શ્રી પથુભાઈ બારોટે કર્યુ હતું.



**'માલધારી ટાઈમ્સ' અને 'બાળ સમાચાર' ના તંત્રીશ્રી તથા પાંચાળ પ્રદેશ સાહિત્ય પ્રચારક સમિતિના પ્રમુખ શ્રી રત્નાકર નાંગરનું સન્માન કરતા શ્રી વાલજીભાઈ કાળાભાઈ ખાંભલિયા**

# ખબર છે એટલી કે, શિક્ષણની હાકલ પડી છે ...!!

- રઘુભાઈ વી.ટમાલિયા
નિ.આચાર્ય (ચૂડા)

રબારી - માલધારી સમાજ એટલે પેઢીઓથી જંગલો અને વાડીઓ - કોતરોમાં ભટકતો સમાજ, અહીંથી તહીં માલ ઢોર સાથે રઝળપાટ કરીને કંઈક પેઢીઓએ પોતાની અમૂલ્ય જિંદગી ખતમ કરી. અજ્ઞાન, વહેમ અને કુરિવાજોથી જીવનમાં સાચી સૂઝ ન પડી. એક જમાનો એવો હતો ત્યારે પશુપાલક સમાજને શિક્ષણની વાત સમજાવવી મુશ્કેલ હતી. આપણે કહીએ કે તમારા સંતાનોને ભણાવો, ત્યારે જવાબ આપતા કે અમારા છોકરાઓ ન ભણે અને ભણે તો માલમાં કોણ જાય ? સાત આઠ વર્ષના માલધારીના છોકરા - છોકરીને માલમાં (ઘેટાં - બકરાં) ચરાવવામાં પળોટી દેતા. આ લાલચે માલધારીઓ પોતાના છોકરા - છોકરીઓને ભણાવતા નહીં. ચોમાસાના ચાર મહીના વતનમાં અને બાકીના આઠ મહીના વાંઢે જાય, ચરોતરમાં જાય, બસ માલ એજ એમનું જીવન હતું, એમનું સર્વસ્વ હતું.

પરંતુ જમાનો બદલાતા અને ચરોતરમાં ચરિયાણાના પ્રશ્નો વિકટ બનતા ત્યાં પોષણ ન રહ્યું, ખેતીવાડીમાં નજર પડી. થોડો માલ અને થોડી ખેતી એવું પરિવર્તન આવ્યું અને વાંઢે જવાનું ધીમે ધીમે ઓછું થયું, બંધ થયું. ખેતી સાથે દુધનો ધંધો પણ વિકસ્યો અને જીવન રહેણી કહેણી થોડી સુધરી. માલઢોરને ઝીંણો માલ ઓછો થતા ભણે એવા છોકરા-છોકરીઓ ફાજલ પડ્યા અને એમાંથી એમને ભણાવવા એવો વિચાર સૂઝયો. આમ, રબારી - માલધારીના છોકરા - છોકરીઓ ભણતા થયા.

શિક્ષણ એ દીવો છે. અજ્ઞાનતા, વહેમ, કુરિવાજોને રૂઢીઓને નેસ્ત નાબુદ કરવામાટે શિક્ષણ એ રામબાણ ઈલાજ છે. ધીમે ધીમે શિક્ષણનો વ્યાપ વધ્યો. પ્રાથમિક શાળાથી કૉલેજ સુધી ને તેથી પણ ખૂબ આગળ રબારી-માલધારીના સંતાનો આજે પહોંચ્યા. એટલુ જ નહીં. પરંતુ સમાજના બીજા છોકરાઓની હરોળમાં આવીને પ્રતિભા સંપન્ન બન્યા. માલધારીના બાળકો દુધમલિયા હોવાથી તેજસ્વિતા, ક્ષમતા અને શારીરિક ખડતલતા સ્વાભાવિક હોય.

આજે કોઈ માલધારી પરિવારને શિક્ષણની ઉપયોગિતા સમજાવવી પડતી નથી. એક દીવો જેમ બીજા દીવાને પ્રગટાવે તેમ દરેક ઘરમાં બધાં જ બાળકોને ભણાવવાની શરૂઆત થઈ ગઈ છે. દરેકના છોકરા - છોકરીઓ ભણતા થઈ ગયા છે. આમૂલ પરિવર્તન રહેણી કરણી અને જીવન ધોરણમાં આવ્યું છે. માલધારી પરિવારો શિક્ષણને લીધે સંસ્કારી અને સાધન સંપન્ન બન્યા છે.

એક જમાનો એવો હતો કે જ્યારે ઉજળા સમાજમાં માલધારીની કોઈ ગણતરી નહોતી. ગામનો સમાજ ભેગો થયો હોય તો માલધારી સમાજ છેલ્લે જોડામાં બેઠો હોય, એ દિવસો શિક્ષણ આવતા હવે ગયા છે. આજે સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે માલધારીઓ ઊંચા ઊઠ્યા છે. મેયર, સરપંચ કે ધારાસભ્ય તથા મંત્રી સુધી માલધારી પહોંચ્યા છે. શિક્ષણની વાત કરીએ તો છોકરા-છોકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી ડૉક્ટર, ઈજનેર, પ્રોફેસર, શિક્ષક, બિઝનેશમેન, પોલિસ અધિકારી થયા છે, અને પરદેશની ભૂમિ સુધી પહોંચી રબારી - માલધારી સમાજનું ગૌરવ વધાર્યું છે. આ છે શિક્ષણનો પરતાપ....!

માલધારી સમાજના છોકરા - છોકરીઓ શહેરમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એ માટે વડવાળા મંદિરના પૂ.મહંતશ્રી કણીરામબાપુ તથા શ્રી વડવાળા મંદિર - દુધઈના પૂ.મહંતશ્રી રામબાપુ આ બંને જગ્યાઓ શિક્ષણની સુવિધા પુરી પાડવા ભગીરથ પ્રયત્નો કરીને છાત્રાલયો અને હાઈસ્કુલો ચલાવે છે. આપણે એ બંને જગ્યાના ઋણી છીએ. આને કારણે સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જબ્બર ક્રાંતિ આવશે. આમ આપણી આવતી કાલ ઉજળી છે. ભણેલા ગણેલા સુશીલને શિક્ષિત યુવાન - યુવતીઓ આદર્શ પરિવાર બનાવશે. બીજા સમાજને નોંધ લેવી પડે તેટલું આમુલ પરિવર્તન-પ્રગતિ આપણો સમાજ કરી રહ્યો છે એમા શંકા નથી.

પરંતુ આ તો હજુ પાશેરામાં પહેલી પુણી છે. હજુ મંઝીલ દૂર છે, આપણે પુરૂષાર્થ કરીને ત્યાં પહોંચવું છે. ભગવાનશ્રી વડવાળા દેવની અસીમ કૃપાથી આપણે ત્યાં પહોંચીએ એ જ અભ્યર્થના... જય વડવાળા... જય માલધારી.

**'માલધારી ટાઈમ્સ' ને ઈન્ટરનેટ ઉપર વાંચવા માટે લોગ ઓન કરો.**

**www.vadwala.com**

## સામાજિક કુરિવાજોના દુષ્પરિણામ...

સામાજિક રિવાજો અને પરંપરાઓ પાછળ વ્યક્તિના વ્યવહારોને સરળ બનાવવાનો હેતુ છે, કુરિવાજો, રૂઢિઓ, વહેમો અને અંધશ્રદ્ધા વિવિધ કારણોસર સમાજમાં વધતી ચાલી છે. એક સુધારો કરો તો એનાથી ચઢિયાતો બીજો કુધારો વ્યવહારમાં ડોકાય છે. જેને પરિણામે ગોપાલકો લગ્ન, મરણ અને અન્ય સામાજિક કુરિવાજોના વ્યવહારમાં ઘસાઈ જાય છે. કુરિવાજોને લીધે ગોપાલકોની શાંતિ, સુખ અને નિરાંત હણાઈ જાય છે.

કુટુંબ માટે સુવિધાવાળું મકાન, પૌષ્ટિક ખોરાક, ઋતુ પ્રમાણે પહેરવેશ, બાળકોને શિક્ષણ માટે ખર્ચનો પ્રબંધ, પશુઓની સલામતી માટે શેડ નથી. છતાં લગ્ન અને મરણ પાછળ મોટી સંખ્યામાં લોકોને મિષ્ટાન્ન જમાડવાં પડે છે. આ કેવું ? રિવાજો તો વ્યક્તિના સુખ માટે છે. તેને ગરીબ, લાચાર, નિરાધાર બનાવવા માટે નથી. રિવાજો વ્યક્તિ માટે હોય પરંતુ અહીં તો વ્યક્તિ રિવાજો પૂરા કરવા જીવે છે !

સમાજનો સાચો હિતેચ્છુ એ જ છે કે પોતાના વર્તન અને વ્યહાર તથા આચાર - વિચારથી સમાજને કંઈકઆદર્શ પૂરો પાડે. એકવીસમી સદીમાં આપણે ખોટા વરાને વરવા કુધારા - કુરિવાજોથી ઝટ છૂટીએ અને અન્ય વિકસિત સમાજની હરોળમાં ઊભા રહેવા નવા નવા સુધારાલક્ષી રિવાજોની પોતાના ઘર થી જ શરૂઆત કરીએ તો જ સામાજિક કુરિવાજોના દુષ્પરિણામોથી સમાજ બચી શકશે.



## શિક્ષક સંઘમાં વિજેતા

'માલધારી ટાઈમ્સ' અને 'બાળ સમાચાર' ના સંપાદકશ્રી તથા સાયલા તાલુકાની નોલી પે.સેન્ટર શાળાના આચાર્યશ્રી દેવાયતભાઈ સાંબડે તાજેતરમાં સાયલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની અત્યંત રસાકસીવાળી ચૂંટણીમાં સંઘના મેમ્બર તરીકે ઝળહળતો વિજય મેળવ્યો છે.

## માલધારી સમાજમાં કન્યા કેળવણીનું ગૌરવ



વઢવાણ તાલુકાના ટીંબા ગામના મુળ વતની અને હાલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં લેબ.ટેકનિશિયન તરીકે કાર્યરત શ્રી સુરેશભાઈ છગનભાઈ જીડની સુપુત્રી કુ.મનિષાબહેને જૂનાગઢની સુપ્રસિદ્ધ આલ્ફા હાઈસ્કૂલ માંથી ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ૯૭.૯૪% (PR) સાથે જામનગર મેડીકલ કોલેજમાં M.B.B.S. માં પ્રવેશ મેળવ્યો છે, તથા અમરેલીના લાઠી તાલુકાના દામનગરની અજમેરા ગર્લ્સ સ્કૂલમાંથી કુ.દયાબેન હરીભાઈ આદસરા(ભરવાડ) એ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૮.૯૧ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવી આ બંને કન્યાઓએ સમસ્ત માલધારી સમાજની કન્યા કેળવણીનું હોનહાર ગૌરવ વધારેલ છે. તે બંનેને સમસ્ત સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન...

## સિદ્ધાંતની સિદ્ધિ...!



અમદાવાદની પ્રખ્યાત સેન્ટ ઝેવિયર્સ લોયલા હાઈસ્કુલમાં ધોરણ - ૯ માં અભ્યાસ કરતા સિદ્ધાંત નીતા દેસાઈની અન્ડર સિક્સટિન ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. ચિ.સિદ્ધાંતની આવી અનોખી સિધ્ધિ બદલ 'માલધારી ટાઈમ્સ' તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં ક્રિકેટક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ... !

## Ph.D. થતા એડવોકેટ ડૉ.ડી.બી.દેસાઈ



સાયલાના થોરિયાળીના વતની અને હાલ સુરેન્દ્રનગર નિવાસી - જિલ્લાના જાણીતા એડવોકેટ અને ગુજરાત હાઈકોર્ટના સુપ્રસિદ્ધ ધારા શાસ્ત્રી ડૉ.દેવશીભાઈ બીજલભાઈ દેસાઈએ તાજેતરમાં અમેરિકા સ્થિત ડૉ.કે.એચ. સાપોવડિયા ના માર્ગદર્શનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી શિક્ષણની સર્વોચ્ચ Ph.D.(ડોક્ટર ઓફ ફિલોસોફી) ની ડીગ્રી મેળવી થોરિયાળી ગામ - માતા-પિતા - સમસ્ત માલધારી સમાજ અને જિલ્લાની વકીલ બિરાદરીનું ભારોભાર ગૌરવ વધાર્યું છે.

# વિહોતરના વાવડ

## માલધારી સમાજના એક અનોખા લગ્ન...!

- રત્નાકર નાંગર

આપણાં સમાજમાં લગ્ન ને સંસ્કાર માનવામાંઆવે છે, જ્યારે પશ્ચિમના સમાજમાં લગ્ન એ 'કરાર' છે ! સ્થળ કાળ અને દેશ - પ્રદેશ પ્રમાણે અલગ - અલગ લગ્નપ્રથા અને તેને સંબંધિત રૂઢિઓ પ્રચલિત છે. કાળક્રમે તેમાં પણ સમયાંતરે સુધારા- વધારા થતા રહે છે. વર્તમાન સમયમાં સમૂહ લગ્નપ્રથા અને સાદાઈથી થતા લગ્નોનું સમાજ માટે ખૂબ અદકેરું મહત્ત્વ છે.

માલધારી સમાજ માટે કદાચ પ્રથમ વખત કહી શકાય તેવા સાવ નોખા-અનોખા લગ્ન તાજેતરમાં બોટાદ માલધારી સમાજમાં યોજાઈ ગયા. માલધારી સમાજના આદરણીય અને પ્રખર ક્રાંતિકારી વિચારક અને સમાજ સુધારક એવા રાજકોટના શ્રી કરણાભાઈ માલધારીની સીધી દોરવણીમાં બોટાદ નિવાસી અને 'ગુજરાત ગૌચર બચાવ આંદોલન સમિતિ' ના પ્રદેશ પ્રમુખ તથા માલધારી અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ મૌર્યની બે દીકરીઓના લગ્ન લેવાયા. કંકોત્રીઓ સાવ સાદી રાખવામાં આવેલ. કંકોત્રીમાં સમાજના ક્રાંતિકારી મહાનુભાવોના ફોટા મૂકવામાં આવેલ. કંકોત્રીમાં સમાજને દોરવણી આપે તેવું લખાણ મૂકેલ અને તેમાં નીચેના જેવા ચાર સૂત્રો ધ્યાનાકર્ષક હતા.

(૧) અતિ આભૂષણ... સમાજનું દૂષણ...!
(૨) બાળ સગાઈ પાપ... બાળ લગ્ન મહાપાપ....!
(૩) પ્રસંગો સામાજિક વ્યવસ્થા છે... શોખ નહીં...!
(૪) વ્યવહારને તહેવાર સીમિત બનાવો, આવનાર પેઢીનું ભવિષ્ય ઉજ્જળ બનાવો....!

ઉપરોક્ત જેવા સૂત્રો સામાજિક સુધારણાની પ્રક્રિયામાં જબ્બર ઉદ્દીપકો બને તેવા છે. લગ્ન મંડપને ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા અને કન્યા કેળવણીના પ્રખર હિમાયતી સાવિત્રીબાઈ ફુલેનું નામ આપવામાં આવેલ. ભોજન સમારોહના ખંડને સમ્રાટ અને ગૌરવશાળી માલધારી પુત્ર એવા ''ચંદ્રગુપ્ત મૌર્ય લગ્નભૂમિ'' નામકરણ કરવામાં આવેલ. લગ્ન સ્થળે વિવિધ જગ્યાએ સમાજ સુધારણાના સૂત્રોના 'હોર્ડિંગ' મૂકવામાં આવેલ. લગ્ન સ્થળે ક્રાંતિકારી ભગવાનશ્રી કૃષ્ણ, ભગવાન ગૌત્તમ બુદ્ધ, શાહુજી મહારાજ, સમાજ સુધારક સંત કબીર, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ.બાબા સાહેબ આંબેડકર, રામા સ્વામી પેરિયાર, બિરશા મુંડા, માલધારી સંતો, મૌર્ય પરિવારના વડવાઓ વગેરેના ફોટા અને બેનરો મૂકવામાં આવ્યા હતા. આ લગ્ન દ્વારા સમાજના અનેક લોકોને નવો સંદેશ મળ્યો. લગ્નમાં જરાય 'ભપકો' ન લાગે તેનો પૂરતો ખ્યાલ રખાયો હતો.

સામાજિક ક્રાંતિની શરૂઆતના માહોલ જેવા આ લગ્ન સમારોહમાં મુકેલ બેનરોમાંથી સમાજને ઉપયોગી ઘણું ચિંતન મળ્યું. જે આપણાં 'લાકડિયાતાર' જેવા સામાજિક મુખપત્રના માધ્યમથી આપની સુધી પહોંચાડતાં ખૂબ આનંદ અનુભવું છું. જેમ કે : બુદ્ધિશાળી માણસ બેઈમાન બને, મુર્ખ માણસ ત્યાગી બને અને પથ્થર જેવો અગ્રણી હીરો બની જાય તો આ ત્રણેય સમાજ માટે ઘાતક બને. જેમ અન્યાય કરવો કાયરતા છે. તેમજ અન્યાયને સહન કરવો તે પણ કાયરતા જ છે ! માણસ જ્યારે કોઈનો ગુલામ બને છે ત્યારે તેના સર્વ ગુણો નાશ પામે છે. કિંમત 'અંકુશ' ની છે, હાથીની નહિ ! કુરૂઢિઓને તોડો - સમાજને જોડો. સમાજને જગાડો અને કૂરિવાજોને ભગાડો. વિદ્યાના અભાવે મતિ ગઈ, મતિના અભાવે નીતિ ગઈ. નીતિના અભાવે ગતિ ગઈ, ગતિના અભાવે સંપત્તિ ગઈ અને સંપત્તિના અભાવે સમાજની દુર્ગતિ થઈ. માટે સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણને બરાબર પકડો. સમાજને એક-બે દાયકા માત્ર 'શિક્ષણ' ને જ મુખ્ય 'એજન્ડા' બનાવવાની જરૂર છે. માત્ર શિક્ષણ ! શિક્ષણ ! ને શિક્ષણ. શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. માલધારી સમાજ માટે :

''ખામી અવસરની છે, યોગ્યતાની નહિં,
ખામી જાણકારીની છે, બુદ્ધિની નહીં...''

સિંહ જેવા સમાજનો લીડર પણ સિંહ જેવો જ ખપે, ઘેટાં જેવો નહીં ! 'આપો દીપો ભવઃ' અર્થાત્ તું જ તારો દીપક થા અને તારી સમસ્યાઓનું સમાધાન અને વિકાસ તારી જાતે કર. 'તત્વ મશી અહમ્ બ્રહ્માસ્મી' અર્થાત્ હું અને તમે સમાન છીએ. માણસ જન્મથી નહીં પણ કર્મથી જ હીન કે મહાન બને છે. 'છોટા દિલ કા' અથવા 'તૂટે દિલ કા' ઈન્સાન કભી મહાન નહીં બન શકતા. શ્રી વિઠ્ઠલભાઈ મૌર્યએ પોતાની જ દીકરીઓના નવા સામાજિક એંગલથી લગ્ન કરી ગોહિલવાડ પંથકના માલધારી સમાજે નવી દિશા દેખાડી છે. આ વાંચનાર તમામ સમાજજનોએ તેમને મો.૯૦૩૩૨૭૩૪૭૫ ઉપર કોલ કરી વાંહો થાબડવો જોઈએ. કારણ કે નવી પહેલ કરનારને બિરદાવવા તે પણ ખૂબ મોટા પ્રકારની સમાજ સેવા છે. માલધારી સમાજમાં 'કન્યા વિક્રય' ના ભયંકર પાપ વચ્ચે પણ રણમાં મીઠી વીરડી જેવા વિઠ્ઠલભાઈને ધન્યવાદ ઘટે છે. માલધારી સમાજની આવનારી પેઢીઓ પ્રામાણિકતા, સમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના સાથે જય વિહોતર... જય માલધારી...!

## સંત સુરાને જતિ-સતિની ભૂમિ કેવી મહાન છે, પાળિયા પણ જ્યાં બેઠા થાતા ઈ'દેવકો પાંચાળ છે!



**(સાયલાના થોરિયાળીમાં આવેલ પાળિયા)**

ખુમારી-ખાનદાની અને પવિત્રતાનું પ્રતિક એટલે પાળિયો..! આવા પાળિયાની મહત્તા માટે કવિઓને લખવું - ગાવું પડ્યું છે "ધડ રે ધીંગાણે જેના માથડાં મહાણે .... એનો પાળિયો થઈને પૂજાવું હે ઘડવૈયા..! મારે ઠાકોરજી નથી થાવું...!!"

ઘણી વખત ઈતિહાસને સાચવતા પાળિયા (ખાંભી) ની સાચવણી થતી ન હોવાથી કળા, સંસ્કૃતિ અને ત્યાગ - બલિદાનની વિરાસત ભાવિ પેઢીઓ માટે અકબંધ રહેશે કે કેમ તે પ્રશ્નાર્થ છે ...! કારણ કે બધે પુરાતત્વ ખાતું પહોંચી વળવાનું નથી. અત્યાર સુધી ગત પેઢીએ સાચવ્યું હવે આવું બધું સાચવવા નવી પેઢીને તૈયાર કરવી પડશે.

પાળિયાના નામ, વિવિધ અંગો, કોતરણીની કલાત્મકતા, એમાં વ્યક્ત થતો પહેરવેશ વિવિધ આયુધો - વાહનો વગેરેની ખૂબીઓ, પાળિયા પરના લેખ - લિપિની ભાષા પ્રકાર અને વિવિધ શબ્દ પ્રયોગોનો આપણે ત્યાં એક ભવ્ય વારસો વણખેડાયેલો પડ્યો છે. ઝવેરચંદ મેઘાણી જેવા અમુક કવિઓએ પાળિયાને પણ બેઠા થવાનું મન થાય તેવી કથાઓ - વ્યથાઓ વર્ણવી છે. આત્મ બલિદાનના વિવિધ નિમિત, પાળિયા પ્રત્યે પ્રયોજાતા આદરમાન, પૂજન - અર્ચન પરથી જે તે સમય સ્થળ કાળની કળા - સંસ્કૃતિ - ઈતિહાસનું જ્ઞાન મળે છે.

પાંચાળમાં ઠેર ઠેર આવા પાળિયા આ કંકુવરણી દેવભૂમિનો પરતાપ બતાવે છે. સાયલાના થોરિયાળી (મારા વહાલા વતન) માં પણ તળાવકાંઠે ૧૦૦ થી વધારે પાળિયા જાણે ગામને આર્શીવાદ આપતા હોય તેમ ઊભા છે. થોરિયાળીના આ પાળિયાઓની ખૂબ જાળવણી કરવામાં આવે છે. ક્યારેક આપણાં મલકમાં નીકળો તો ગામથી આથમણે રોડની સાઈડમાં તળાવ કાંઠાના આ પાળિયા જોઈ જરૂર માથું નમાવજો ....!

**- તસવીર કથા :**
**રત્નાકર નાંગર(તંત્રી)**

## હાલો માલધારીના નેસમાં



ચાલો જોવા જઈએ આજે,
ખેતરે - વગડે ફરવા કાજે,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !
ગાયો દોહવા જઈએ આજે,
દૂધ મીઠેરાં પીવા સાંજે,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !
પંખીના કલશોર સાંભળવા,
વલોણાના નાદને માણવા,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !
નદીઓને કોતર માં ફરવા,
ગીરીઓ ની ગોહર ખોતરવા,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !
ગૌ-ધન સંગે આજ ભાંભરવા,
માલધારીની વાત સાંભળવા,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !
ગોકુળને ગોવાળની વાતો,
કાન-કનૈયા સાથે નાતો,
હો હો હો હાલો, માલધારીના નેસમાં !

**- રત્નાકર નાંગર (તંત્રી)**

## આવકાર - અભિનંદન

પ્રતિ,

શ્રી રત્નાંકર નાંગર,

આપના તંત્રી પદે 'માલધારી ટાઈમ્સ' શરૂ થઈ રહ્યું છે તે જાણી અત્યંત આનંદ થયો. ઝાલાવાડ - પાંચાળને ગોહિલવાડ પંથકમાં સમાજને સારા મુખપત્રની ખામી આપે દુર કરીને એક ભગીરથ કાર્ય કર્યું છે. વિહોતરની વૈચારિક જાગૃત્તિ અને શૈક્ષણિક ક્રાંતિ માટે સારા વિચાર પત્રની તાતી જરૂરિયાત હતી જ, આપને લાખ લાખ ધન્યવાદ.

'માલધારી ટાઈમ્સ' ના સુસંગત વિકાસ અને ઉત્તરોત્તર પ્રગતિની મંગલ અભ્યર્થના....!

**- રાજેન્દ્ર કરમટિયા P.S.I.-આંબલા**